**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨ ઓકટોબર ૨૦૦૯**

## પગતળેથી ધરતી સરકતી હોઈ મનસે નેતાઓ બેબાકળાં થયાં છે — રામનાઈક

**મુંબઇ, શુક્રવાર :** મનસેના પગતળેની ધરતી સરકતી હોવાને કારણે મનસે ના પ્રવકતા અને વિલેપાર્લે વિધાનસભાનાં ઉમેદવાર શ્રી શિરીષ પારકર બેફામ વકતવ્ય કરવા માંડયા છે.ભાજપ નેતા " રામનાઈકને દર ત્રણ મહિને લોહી બદલાવવું પડે છે" આ તેમનું તાજૂં વકતવ્ય તદ્દન જૂઠ્ઠાણું છે.તેમનો બકવાટ ગંભાર દખલ લેવા પાત્ર છે.તે માટે તેમનાં વિરૂધ્ધ શ્રી રામ નાઈકે આજે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાવી છે.

આ સંદર્ભે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું કે : " આઈબીએન લોકમત પર 'આજ ચા સવાલ' આ શ્રી નિખિલ વાગળે સંચલિત કાર્યક્રમમાં ગુરૂવારે શિરીષ પારકરે મારાં બદલ કરેલ વકતવ્યો સભ્યતા અને રૂચિ નો ભંગ કરનારાં તો હતાં જ પરંતુ સાવ હળાંહળ અસત્ય પણ ખરૂં જ. મારાં આખાય જીવનમાં લોહી બદલવાનો વારો તો આવ્યો જ નથી. અને આમ હોવાથી મારી તબિયત ને વિષે હળાંહળ અસત્ય અને પગમાથા વિનાનાં વિધાનો ફકત ભાજપ – શિવસેના યુતી ના પરત્વે ના રાગદ્વેષ થી પ્રેરિત છે.મને મરાઠીદ્વેષી કહેનાર મનસે 'બૉમ્બે - બંબઈ ' નું 'મુંબઈ' કારણે જ થયેલ છે આ ઈતિહાસ નું તેમને સગવડતાભર્યું વિસ્મરણ થયેલું છે તેવું લાગે છે.કેંદ્ર મારાં મરાઠીપ્રેમ ને અને રાષ્ટ્રપ્રેમ ને મનસેના પ્રમાણપત્ર ની ગરજ નથી.મારી બંન્ને દીકરીઓનું શિક્ષણ માતૃભાષામાંજ તયેલ છે.માટે જેમણે પોતાન બાળકોને અંગ્રજી માધ્યમની શાળામાં પાઠવ્યા છે તે મનસે નેતાઓ એ મરાટી પ્રેમના દાખલા દેવાની જરૂર નથી."

શ્રી શિરીષ પારકર વિધાનસભા ચૂંટણિમાં ઉમેદવાર પણ છે. માટે તેમનાં આ ધડ માથા વગરનાં વકતવ્યો આક્ષેપજનક અને આચારસંહિતા નો ભંગ કરનારાં હોઈ ચૂંટણી પંચ સમક્ષ પણ શ્રી રામ નાઈકે ફરિયાદ નોંધાવેલ છે.એસિવાય આ બદનામી કારક વકતવ્ય વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાનો નિર્ણય શ્રી રામ નાઈકે લીધેલ છે.

**( કાર્યાલય સચિવ )**